CITY પલ્સ

email: citypulse@gujaratmitra.in

ગુજરાતમિત્ર

શુક્રવાર ૮ મે, ૨૦૨૬

# સાહસિક સુરતી યુવતીઓમાં સોલો ટ્રાવેલિંગનો વધ્યો ટ્રેન્ડ

આમ જોવા જઈએ તો પહેલાં સ્ત્રી વર્કિંગ નહીં હતી તેની જવાબદારી બાળકોના ઉછેર અને ઘર સાચવવાની હતી. જો તે એકલી ઘરની બહાર નીકળે તો પણ તે તેનાં પિયર સુધી બાળકો સાથે જતી. સમય બદલાયો સ્ત્રી ઘરની બહાર નીકળીને પ્રોફેશનલ બની. તે બિઝનેસ કરવા લાગી, જોબ કરવા લાગી. આ બધી જવાબદારી નિભાવતી સ્ત્રીને પોતાની જાત સાથે સમય વ્યતીત કરવાની, શાંતિની ક્ષણો મેળવવાની, રિલેક્સ થવાની જરૂરિયાત લાગતા તે સોલો ટ્રીપ કરવા તરફ વળી. પહેલાં પુરુષો દેશ-વિદેશ એકલા ફરતા પણ હવે વિચારોનો દ્રષ્ટિકોણ બદલાયો સ્ત્રી પણ હિંમત કરીને પોતાની જાત સાથે સમય વિતાવવા 5-6 દિવસ માટે સોલો ટ્રીપ કરવા લાગી છે. સોલો ટ્રાવેલિંગ એટલે પોતાના મિત્ર, સાથી કે પરિવાર વગર પોતે નક્કી કરેલા સ્થળો પર એકલા ફરવું. તે સાહસ, આઝાદી અને આર્મનિર્ભરતાનો અનુભવ કરાવે છે. છેલ્લાં ત્રણ-ચાર વર્ષથી સુરતની યુવતીઓમાં સોલો ટ્રાવેલિંગનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. જોકે, તેને પરિવારનો તેના હસબન્ડનો સપોર્ટ ચોક્કસ મળી રહ્યો છે. પરિવારને પણ લાગે છે કે સ્ત્રીને પોતાની જાત સાથે સમય વિતાવવો હોય એટલે તેઓ લિબરલ થઈને સ્ત્રીને સોલો ટ્રાવેલિંગ માટે આઝાદી આપે છે અને હસબન્ડ તથા ઈનલોઝ તે દરમિયાન ઘર અને બાળકોની સંભાળ રાખે છે. સ્ત્રીને અજાણી જગ્યાઓ પર એકલા ફરવાનો ડર પણ લાગતો હોય અને તેને એકલપંડે સાહસ પણ કરવું હોય છે તો તેઓ સેફ્ટીનો વિચાર કરીને તેની વ્યવસ્થા કરીને સોલો ટ્રાવેલિંગ કરે છે. તો ચાલો આપણે સુરતની આવી જ સોલો ટ્રાવેલિંગ કરતી યુવતીઓને મળીને તેમના સોલો ટ્રાવેલિંગના રોમાંચક એક્સપિરિયન્સને જાણીએ...

CITY ટ્રાવેલર



## ખળખળ વહેતા પાણી, પક્ષીઓનો અવાજ સાંભળવા સોલો ટ્રાવેલિંગ કરે

ડો. બીના ગજ્જર સાઇકોથેરાપીસ્ટ છે. તેઓ 12 વર્ષથી મોન્સૂન દરમિયાન સોલો ટ્રાવેલિંગ કરવાનું પસંદ કરે છે. તેમણે જણાવ્યું કે, ગ્રુપમાં ફરવા નીકળીએ ત્યારે કોલાહલને કારણે તમે ખળખળ વહેતી નદીનો અવાજ, પક્ષીઓનો કલરવ શાંત ચિત્તે નહીં સાંભળી શકો. સોલો ટ્રાવેલિંગ તમને કુદરતની સમીપ હોવાનો એહસાસ કરાવે છે. અત્યાર સુધી મેં એકલા જ મુન્નાર, કુર્ગ, અજંતા-ઇલોરાની ગુફા, રાજસ્થાનમાં ઉદેપુર, જયપુર, કુંભલગઢ એક્સ્પલોર કર્યું છે. પહેલીવાર સોલો ટ્રાવેલિંગ કર્યું ત્યારે ડર તો નહીં લાગેલો પણ સેફ્ટી માટે પેપર સ્પ્રે સાથે રાખ્યું હતું. દિવાળી પર અજંતા ઇલોરા ગઈ ત્યારે ગુફામાં શાંતિની ક્ષણોનો અહેસાસ થયો હતો. પોતાની જાત સાથે કનેક્ટ થવા સોલો ટ્રાવેલિંગ બેસ્ટ વિકલ્પ છે. જ્યારે એકલી સ્ત્રી સોલો ટ્રાવેલિંગ કરે તો તેને લોકો એપ્રિશીએટ પણ કરે છે. મને મારા ક્લિનિકના સ્ટાફ અને મારી ફેમિલીનો સારો સપોર્ટ મળી રહે છે. મોન્સૂનમાં વન ડે ટ્રીપ ડાંગની કરવી ગમે છે.

## રોજના 18-20 હજાર સ્ટેપ ચાલીને સ્પેનમાં ફરવાનો આનંદ લીધો

કિંજલ વિદાણીની ફર્સ્ટ સોલો ટ્રીપ સ્પેનના બાર્સેલોના સિટીની હતી. તેઓએ રોજના 18થી 20 હજાર સ્ટેપ ચાલીને ત્યાંની સુંદરતાને મન ભરીને માણી હતી. તેમણે જણાવ્યું કે, મારી ફ્રેન્ડ પણ આવવાની હતી પણ કોઈ કારણથી તે ના આવી શકી. જોકે મારા હસબન્ડે એકલા હિંમતથી ફરવા પ્રોત્સાહિત કરી પછી તો મને બાર્સેલોનામાં એકલા ફરવાની મજા આવી. એકવાર મારા પર્સમાંથી કેશની ચોરી થઈ હતી. બાદમાં મેં જર્મની, ઓસ્ટ્રીયા, ક્રોએશિયા અને ઇટલીની પણ આત્મવિશ્વાસ સાથે સોલો ટ્રીપ કરી છે. હું સોલો ટ્રાવેલિંગ કરું ત્યારે મારા હસબન્ડ, દીકરી અને સાસુ ઘર હેન્ડલ કરે.





## સિંગાપોર સેફ કન્ટ્રી હોવાથી ત્યાંથી સોલો ટ્રાવેલિંગ સ્ટાર્ટ કર્યું

પૂજા ગાંધીએ 2017થી સોલો ટ્રાવેલિંગ સ્ટાર્ટ કર્યું હતું. ત્યારે તેમનો દીકરો માત્ર સવા વર્ષનો હતો. તેમણે જણાવ્યું કે, મને દુનિયા ખૂંદવી હતી અને તે પણ એકલા. મેં મારી આ ઈચ્છા મારા હસબન્ડ સમક્ષ વ્યક્ત કરી હતી. મારી ફર્સ્ટ સોલો ટ્રીપ સિંગાપોરની હતી. મારી 30મી બર્થડેના દિવસે જ મેં સિંગાપોરની ટિકીટ બુક કરાવી હતી. દીકરાને મમ્મી પાસે મુક્યો હતો. શરૂઆતમાં ડર લાગ્યો હતો કેમકે, ફરવા જવાનું હોય તો બધું હેન્ડલિંગ મારા હસબન્ડ કરતા હતા જ્યારે સિંગાપોરમાં તો બધું મારે જ હેન્ડલ કરવાનું હતું. સિંગાપોર સેફ કન્ટ્રી છે એટલે શરૂઆત ત્યાંથી કરી હતી. સિંગાપોર પછી ડેનમાર્ક, જર્મની પણ જઈ આવી. ઈન્ડિયામાં પુણે, બેંગ્લોર, ગુવાહાટી પણ એકલી ફરી આવી છું. સોલો ટ્રીપ પર જતી હોઉ ત્યારે ટ્રીપનો પૂરો આનંદ લેવા પબ્લિક ટ્રાન્સપોર્ટમાં ફરવાનું રાખું. મારા હસબન્ડનો ફૂલ સપોર્ટ મળે છે. હું જ્યારે સોલો ટ્રાવેલિંગનો પ્લાન કરું ત્યારે ઘર, હસબન્ડ, બાળકોને સાચવવા મારા સાસુ કલકત્તાથી સુરત આવે.



## ફર્સ્ટ સોલો ટ્રાવેલિંગ વખતે જ પૈસા ભરેલું પર્સ ચોરાયું

ક્રિષ્ના કણીયા CA છે. પાંચેક વર્ષ પહેલાં ઋષિકેશની ફર્સ્ટ સોલો ટ્રિપ વખતે જ 15 હજાર રૂ. ભરેલું પર્સ ચોરાયું હતું તેમણે ત્યારે તો સ્ટેશન પર CCTV ફૂટેજ પણ ચેક કરાવ્યા હતાં. ફર્સ્ટ ટાઈમના આ એક્સપિરિયન્સ બાદ તેમણે સોલો ટ્રાવેલિંગ વખતે સેફ્ટીની તકેદારી રાખવાનું શરૂ કર્યું. તેમણે જણાવ્યું કે, મેં હરિદ્વાર, ઋષિકેશ ઉપરાંત ગયા વર્ષે પ્રયાગરાજ મહાકુંભ એકલી જ ગઈ હતી. ઉત્તરાખંડમાં મુનસ્યારી, હર્ષિલવેલી, ખલિયા ટોપ, દયારા બુગ્યાલ, કાનાતાલ પણ એકલી ફરવા ગઈ છું. મારા ફાધર બીમાર હતાં ત્યારે હું ઘણી સ્ટ્રેસમાં હતી. ફાધર રિકવર થયા બાદ મને પોતાની સાથે એકલું રહેવું હતું અને સ્ટ્રેસ ફ્રી થવું હતું, મારા હસબન્ડે મને સોલો ટ્રાવેલિંગ માટે સપોર્ટ કર્યો હતો. મારી સોલો ટ્રીપ હોય ત્યારે દીકરીને સ્કૂલે મુકવા મારા ફાધર ઈન લૉ જાય, મારા હસબન્ડનું ટિફિન અને દીકરીના વાળ ઓળવાનું કામ મારા મધર ઈન લૉ કરે. હસબન્ડ દીકરીનો સ્કૂલ યુનિફોર્મ પ્રેસ કરે. પરિવારના સપોર્ટને કારણે જ હું સોલો ટ્રાવેલિંગ કરી શકું છું. ટ્રાવેલિંગ દરમિયાન સેફ્ટી માટે મરચાની ભુક્કી, દોરડું અને ખીલી સાથે રાખું. ઉત્તરાખંડ મને વારંવાર જવાનું મન થાય છે કેમકે ત્યાંનું પ્રાકૃતિક વાતાવરણ સુંદર છે. મને સ્નોફૉલ પણ બહુ જ ગમે.

# જાણીને નવાઈ લાગશે... પણ માતા તો આવી ય હોય!

## 'માસીબા' પણ ક્યારેક મોકો મળે તો સવાઈ માતા બની જાણે છે

રીશ્તે

'કિન્નર' શબ્દ સાંભળતા જ આજની તારીખેય કેટલાંક મોઢું મચકોડશે. મહોલ્લા-સોસાયટીમાં કિન્નર આવતા દેખાય કે તરત બાળકોને ઘરમાં સંતાડી દેવાય, રખે ને નજર લાગી જાય તો! પણ જાણીને નવાઈ લાગશે કે ગુજરાતના કેટલાંક કિન્નરો 'સવાઈ માતા' સાબિત થઈ રહ્યા છે. કિન્નર હોય એ શારીરિક રીતે સંતાન પેદા ન કરી શકે, પણ હૃદયમાં મમતાનો ભાવ તો પેદા કરી જ શકે. ગુજરાતના લગભગ તમામ શહેરોમાં કિન્નરોના અખાડા છે અને નવાઈ લાગે એવી વાત એ છે કે અનેક અખાડાઓમાં 'સામાન્ય' ગણાતા બાળકો ઉછરી રહ્યા છે. એમાંના કેટલાંક બાળકોના તો ભણાવી-ગણાવીને લગ્ન પણ કરાવાયા છે અને આ બધી જવાબદારીઓ ઉઠાવાઈ છે 'કિન્નર માતા'ઓ દ્વારા! ગયા વર્ષે પેટલાદના અખાડાએ નવ કોડભરી કન્યાઓને એકસાથે પરણાવી. આ વર્ષની શરૂઆતમાં ગોધરા ખાતે પણ કિન્નરો દ્વારા ઉછેરવામાં આવેલ બે કન્યાઓના લગ્ન લેવાયા. સામાન્ય રીતે નાન્યતર તરીકે જન્મતા બાળકોને મા-બાપ ભારે હૃદયે કિન્નર સમાજમાં આપી આવતા હોય છે. પણ સામાજિક વિટંબણા એવી છે કે કેટલાંક મજબૂર વાલીઓ આર્થિક અસમર્થતા સહિતના કારણોસર પોતાના સાજાસમા બાળકો ય ઓળખીતા કિન્નરોને હવાલે કરી જાય છે.....



### "સ્ત્રી હોય કે પુરુષ, એને હું ઉછેરીશ!"

એક દુખીયારી સ્ત્રીને પહેલેથી જ ચાર દીકરીઓ હતી. પાંચમી પણ દીકરી જ આવી. આર્થિક સ્થિતિ સારી નહોતી, એટલે એણે વરીયાવી બજાર, હોડી બંગલા ખાતેના ગુરુ કસ્તૂરીકુંવરને (દાદી) પોતાની મુશ્કેલી વિષે વાત કરી. દાદીએ પોતાના ચેલા હીના કુંવર તેમજ હીના કુંવરના ચેલા ક્રિશ્ના કુંવરને આખી વાત જણાવી. યુવાન વયના ક્રિશ્ના કુંવરે તરત જ પેલી બાળકીની માતા બનવાનું સ્વીકારી લીધું. નામ પાડ્યું ખુશી. આજે ખુશી અગિયાર વર્ષની થઇ છે અને સારી સ્કુલના પાંચમાં ધોરણમાં અભ્યાસ કરે છે. આવી જ રીતે અન્ય એક યુગલને ત્રણ સંતાનો હોવા છતાં ચોથી વખત ગર્ભ રહ્યો. આર્થિક સ્થિતિ સારી નહોતી, તેમ છતાં બાળ હત્યાનું પાપ વહોરવું નહોતું. ક્રિશ્ના કુંવરે સધિયારો આપ્યો, "આવનારું બાળક સ્ત્રી હોય કે પુરુષ, એને હું ઉછેરીશ!" એ રીતે ક્રિશ્ના માસીના પરિવારમાં નવજાત નેહલનું આગમન થયું. ખુશી એક દિવસની હતી ત્યારે આવેલી, પણ નેહલ તો હોસ્પિટલથી સીધી જ ક્રિશ્ના કુંવરના ઘરે આવી ગઈ. નવ મહિનાની તોફાની ટબૂકડી નેહલને ગાલે વ્હાલથી ટપલી મારતા ક્રિશ્નાકુંવર કહે છે, "શરૂઆતમાં નવજાત બાળકીઓને ઉછેરવામાં બહુ તકલીફ પડી. પણ હવે ટેવાઈ ગયા." બંને દીકરીઓ અત્યારે ક્રિશ્નાકુંવરને જ પોતાની અસલી માતા માને છે.



### "મારે ત્રણ દીકરીઓ છે"

નાનપુરા હિજડાવાડ ખાતે વસતા ગુરુ પાયલ માસી ગર્વથી કહે છે, "હા, મારે ત્રણ-ત્રણ દીકરીઓ છે." પાયલ માસી હાલમાં બે વર્ષ અને સાત વર્ષની બે દીકરીઓને ઉછેરી રહ્યા છે. એમની સૌથી મોટી દીકરી સત્યાવીસ વર્ષની છે. આશરે અઢી દાયકા પહેલા મરણ પથારીએ પડેલ એક વ્યક્તિને પોતાના વંશ સમી નાનકડી દીકરીની ચિંતા કોરી ખાતી હતી. કેમકે બાળકીને ઉછેરી શકે એવું કોઈ પરિવારમાં નહોતું. આખરે એમણે બાળકી પાયલ માસીને સોંપી. પાયલ માસીએ એને ઉછેરીને મોટી કરી, ભણાવી અને આજે ઠરેલ યુવતી બની ગયેલી એ દીકરી બીજા બાળકોને કાળજી પૂર્વક સાચવે છે. પાયલ માસીના પરિવારમાં આ ત્રણ દીકરીઓ સિવાય જોડિયા બાળકો પણ છે, જે કોઈકને પેટે કિન્નર તરીકે જ જન્મીને અહીં આવ્યા છે. પાયલ માસીનું સપનું છે કે દીકરીઓ મોટી થઈને IAS ઓફિસર બને.

### શિક્ષણ અને કાયદેસરતાનું શું?

પારકા બાળકોને ઉછેરવા અઘરા છે. દત્તક લેવાની પ્રક્રિયા પણ કાનૂની રીતે બહુ આંટીઘુંટીવાળી અને જવાબદારીથી ભરપૂર છે. કિન્નરો બાળકોને ઉછેર કરવાનું સ્વીકારે ત્યારે બર્થ સર્ટીફીકેટ મહત્વનો દસ્તાવેજ બની રહે છે. ખૂબીની વાત એ છે કે પાયલ માસી અને ક્રિશ્ના માસી પોતપોતાના સંતાનોને કોઈ પણ પ્રકારના કુસંસ્કારોના પડછાયાથી દૂર સવાઈ માતા બનીને ઉછેરી રહ્યા છે. નોર્મલ બાળકોની જેમ જ એમની વર્ષગાંઠ સહિતના પ્રસંગો ઉજવવાથી માંડીને ભણતર સુધીની દરેક જવાબદારી માટે આ માસીબાઓ આર્થિક આયોજન કરતી રહે છે. ક્રિશ્ના કુંવરે તો ફ્લેટની માલિકીમાં પણ બંને દીકરીઓનું ધ્યાન રાખ્યું છે. સગી માતા પણ આનાથી વિશેષ શું કરી શકે?